**સ્પે.દિ.મુ.નં. ૪૨/૨૦૧૮**

**–:: આંક–૧૯ હેઠળ હુકમ ::–**

(૧) આ કામના વાદી દ્રારા હાલની અરજી પક્ષકાર તરીકે જોડવા તથા દાવા અરજીમાં સુધારો કરવા માટે કરવામાં આવેલ છે. જેની ટૂંકી હકીકત એવી છે કે, વાદી તાલાલા તાલુકાના આંકોલવાડી ગામના વતની છે અને અમદાવાદ મુકામે હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરે છે. જયારે પ્રતિવાદી નં. ૧ આંકોલવાડી ગામે રહે છે અને વાદીના પિતાશ્રી થાય છે જયારે પ્રતિવાદી નં. ૨ નાએ પ્રતિવાદી નં. ૧ ના પાસેથી ગેરકાનૂની રીતે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી જમીન ખરીદ કરેલ છે. પ્રતિવાદી નં. ૧ ના સીધી લીટીના વારસદારોમાં (૧) કૃપાબેન વૃજલાલ ઠુંમર (૨) વાદી તથા (૩) જૈનિક વૃજલાલ ઠુંમર છે. વાદીના પિતાશ્રી પ્રતિવાદી નં. ૧ ના નામે ગીર–સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના મોરૂકા ગામની સીમ તળની પિયત જમીન ખેડખાતા નં. ૧૮૨ થી સર્વે નં. ૪૦/પૈકી ૩ ની પિયત જમીન હે. આરે ૧–૦૪–૨૧ તથા સર્વે નં. ૪૧/પૈકી ૩ ની પિયત જમીન હે. આરે ૦–૯૩–૦૮ મળી કુલ જમીન હે. આરે ૧–૯૭–૨૯ વડીલોપાર્જીત જમીન આવેલ છે. તે જમીનમાં પ્રતિવાદી નં. ૧ દ્રારા વાદીને કોઈ ભાગ ન આપવાના ઈરાદાથી પ્રતિવાદી નં. ૨ ના નામે વેચાણ દસ્તાવેજ નોંધાવી આપેલ છે. જેથી વાદી દ્રારા પ્રતિવાદીઓ સામે હાલનો દાવો લાવેલ છે અને હાલ દાવો ગતિમાં છે. તેમ છતાં પ્રતિવાદી નં. ૨ પાસેથી આ જમીન વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૪૯ તા. ૦૫/૦૩/૨૦૧૯ થી સીમરભાઈ દેવાભાઈ સોલંકી, રહે. આંકોલવાડીવાળાએ વેચાણ રાખેલ છે. જેથી તે પણ આ કામે જરૂરી પક્ષકાર હોય અને આ વેચાણ ચાલુ દાવા દરમ્યાન થયેલ હોય જેથી તેમને પક્ષકાર તરીકે જોડવા હાલની આ અરજી લાવેલ છે. આ

અરજી સમય મર્યાદામાં છે. સદર પ્રતિવાદીને પક્ષકાર તરીકે હાલના કામે જોડવા જરૂરી અને આવશ્યક હોય આ અરજી આપવા ફરજ પડેલ છે. તેથી તેઓને પક્ષકાર તરીકે જોડી દાવા અરજીમાં માંગેલ દાદમાં જયાં ફકત પ્રતિવાદી એક વચનમાં લખેલ છે ત્યાં પ્રતિવાદીઓ બહુવચનમાં લખવાની જરૂરત ઉભી થયેલ હોય અને તે મુજબ સુધારો દાવા અરજીમાં તથા મનાઈ હુકમની અરજીમાં કરવો જરૂરી છે તેમ જણાવી હાલની અરજીમાં એવી દાદ માગેલ છે કે, ઉપરોકત જણાવેલ પ્રતિવાદી પક્ષકાર હાલના કામે જોડવા જરૂરી હોય તેમને પક્ષકાર તરીકે જોડી દાવા અરજીમાં માગેલ દાદમાં જયા ફકત પ્રતિવાદી એક વચનમાં લખેલ છે ત્યાં પ્રતિવાદીઓ બહુવચનમાં લખવાની અને તે મુજબ સુધારો દાવા અરજીમાં તથા મનાઈહુકમની અરજીમાં કરવા દેવા પરવાનગી આપી કામ આગળ ચલાવવા અરજ કરેલ છે.

(૨) હાલની અરજી આવતા સુચિત પક્ષકારને નોટીસ કરવામાં આવેલ છે. સુચિત પક્ષકાર તેમના વિ. વકીલશ્રીઓ મારફતે હાજર થયેલ છે. ત્યારબાદ સુચિત પક્ષકાર તરફથી વાદીની હાલની અરજી સામે કોઈ વાંધા જવાબ રજૂ કરેલ ન હોય તેઓનો વાંધા જવાબ રજૂ કરવાનો હકક બંધ કરેલ છે.

(૩) વાદી તરફે તેઓના વિ.વ.શ્રીએ તેઓની હાલની અરજી મુજબની દલીલ કરેલ છે. જયારે સુચિત પક્ષકાર તરફે તેઓ જાતે કે તેમના વિ. વકીલશ્રી દલીલ કરવા હાજર રહેલ ન હોય તેઓનો હાલની અરજીની દલીલ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) વાદીની અરજી, રજૂઆત તથા રજૂ કરેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધો તથા કાયદાની પરિસ્થિતિ ધ્યાને લીધી. આ કામે વાદીએ વડિલોપાર્જીત સંયુકત કુટુંબની મિલકતના ભાગ પાડી કાયમી મનાઈ હુકમ તથા વિજ્ઞાપન મળવા હાલનો દાવો કરેલ છે. સદર કામે દાવાવાળી મિલકત ખેતીની જમીન સ. નં. ગીર–સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના મોરૂકા ગામની સીમ તળની પિયત જમીન ખેડખાતા નં. ૧૮૨ થી સર્વે નં. ૪૦/પૈકી ૩ ની પિયત જમીન હે. આરે ૧–૦૪–૨૧ તથા સર્વે નં. ૪૧/પૈકી ૩ ની પિયત જમીન હે. આરે ૦–૯૩–૦૮ મળી કુલ જમીન હે. આરે ૧–૯૭–૨૯ વાળી જમીનમાં વાદીનો વારસાઈ દરજજે હકક, હિત, હિસ્સો થતો હોય તેમછતાં વાદીની સંમતિ વગર પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ નાને વેચાણ આપી દીધેલ હતી. ત્યારબાદ હાલનો દાવો કરેલ હતો અને હાલનો દાવો અત્રેની કોર્ટમાં ગતિમાં હતો તે દરમ્યાન પ્રતિવાદી નં. ૨ નાએ સુચિત પક્ષકાર સમીરભાઈ દેવાભાઈ સોલંકી, રહે. આંકોલવાડીવાળાને ઉપરોકત વેચાણ વ્યવહાર કરેલ હોવાની વાદીની રજૂઆત છે અને સદરહુ વેચાણ વ્યવહાર વાદીએ આ દાવો દાખલ કર્યા બાદ કરેલ હોય અને ઉપરોકત વેચાણ વ્યવહારની માહિતી મળતા હાલની આ અરજી કરેલ છે અને અરજી સાથે ઉપરોકત વેચાણ વ્યવહારના દસ્તાવેજની ઝેરોક્ષ નકલ આ કામે આંક–૨૦ ના ડી.ઈ. લીસ્ટથી રજૂ કરેલ છે. તેમજ આ દાવાવાળી મિલકત વેચાણથી સુચિત પક્ષકારે ખરીદ કરેલ હોય અને આ કામે દાવાવાળી મિલકત અન્વયે કોઈ પ્રકારનો હુકમ થાય તો સુચિત પક્ષકારના હકક, હિતને સીધી રીતે અસરકર્તા થાય તેમ હોય તેથી તેઓ આ કામમાં જરૂરી પક્ષકાર છે. તેમજ સદર સુચિત પક્ષકારને આ કામે જોડવામાં આવ્યેથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન નથી કે દાવાનું સ્વરૂપ બદલતાનું નથી કે તેના ન્યાયિક નિકાલમાં કોઈપણ રીતે અડચણકર્તા થાય તેમ ન હોય અને સદર સુચિત પક્ષકારને આ

કામે પ્રતિવાદી નં. ૩ ના દરજજે જોડવા તથા દાવા અરજીમાં સુધારો કરવા પરવાનગી આપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય આ તમામ સંજોગો ધ્યાને લેતાં વાદીની અરજી ગ્રાહય રાખવા પાત્ર જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

વાદીની આંક-૧૯ ની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

સુચિત પક્ષકારને આ કામે પ્રતિવાદી નં. ૩ તરીકે જોડવા તથા દાવા અરજીમાં સુધારો કરવા પરવાનગી આપવામાં આવે છે.

વાદીએ નિયત સમય મર્યાદામાં દાવા અરજીમાં સુધારો કરવો અને સુધારેલ દાવા અરજી રજૂ કરવી.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા. ૦૨જી, માહે-જાન્યુઆરી, સને-૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા. ૦૨/૦૧/૨૦૨૦
મુ.વેરાવળ.

(મહેમુદ ઉસ્માન કુરમાની)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ,
વેરાવળ
(કોડ નં.જી.જે.૦૧૦૧૨)